સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 45

[NOV - 2020]
[01/11/20 to 07/11/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 12
01 TO 15 OCT - 2020

ICE®

Click Here To DOWNLOAD

### CURRENT TOPICS

- ગુજરાતના અમદાવાદથી કેવડિયા વચ્ચે ભારતની પ્રથમ 'સી પ્લેન સર્વિસ'નો પ્રારંભ
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કેવડિયા ખાતે વિવિધ ટુરિસ્ટ આકર્ષણોનું લોકાર્પણ
- ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે શ્રી યશવર્ધન કુમાર સિંહાના શપથ
- સુશ્રી પ્રિયંકા રાધાકૃષ્ણન ન્યુઝીલેન્ડમાં ભારતીય મૂળના પ્રથમ પ્રધાન બન્યા
- ભારતના પ્રસિદ્ધ વાયોલિન વાદક શ્રી ટી. એન. કૃષ્ણનનું નિધન
- ભારતમાં UNESCOના 12મા World Network of Biosphere Reserves તરીકે મધ્યપ્રદેશના 'પન્ના ટાઈગર રિઝર્વ'નો સમાવેશ

WWW.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 1 NOVEMBER, 2020 SUNDAY

### ➤ દિવસ મહિમા : 1 નવેમ્બર, વિશ્વ શાકાહાર દિન (World Vegan Day)

### ➤ ગુજરાતના અમદાવાદથી કેવડિયા વચ્ચે ભારતની પ્રથમ 'સી પ્લેન સર્વિસ'નો પ્રારંભ

31 ઓક્ટોબર 2020ને શ્રી સરદાર પટેલના જન્મદિન નિમિત્તે ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ગુજરાતના **કેવડિયા** ખાતેથી **'સી પ્લેન સર્વિસ' (Sea Plane Service- સમુદ્રી વિમાન સેવા)**નો શુભારંભ કરાવ્યો છે.




- ગુજરાતમાં **કેવડિયા કોલોની** સ્ટેચ્યુ ઓફ યુનિટી અને **અમદાવાદ**ના સાબરમતી રિવરફ્રન્ટ વચ્ચે આ સેવા શરૂ કરવામાં આવી છે.
- જે **ભારતની પ્રથમ 'સી પ્લેન સર્વિસ'** છે.
- આ અંતર્ગત ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **કેવડિયા**ના **તળાવ નંબર 3**માં અને અમદાવાદના **સાબરમતી રિવરફ્રન્ટ**માં નિર્માણ પામેલા વોટર એરોડ્રોમનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

### સી-પ્લેન શું છે ?

પાણીમાં લેન્ડ તેમજ ટેક–ઓફ કરી શકે તેવા તેમજ પાણીમાં તરી શકે તેવા એરક્રાફટને **સી પ્લેન** તરીકે ઓળખવામાં આવે છે.

- આ પ્લેનના અમુક ભાગોની બનાવટ બોટના ઢાંચા જેવી હોવાથી તેને **'ફ્લાઈંગ બોટ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- સી પ્લેન એ એક **'એમ્ફિબિયસ કેટેગરી'**નું પ્લેન છે.
- આ પ્લેન જમીન અને પાણી બંને જગ્યાથી ઉડાણ ભરી શકે છે અને તેને પાણી અને જમીન બંને પર લેન્ડ કરાવી શકાય છે.
- **શ્રી ગ્લેન એચ. કર્ટિસ** નામના અમેરિકન એન્જિનિયરે **1911**માં આ પ્રકારના વિશ્વના પ્રથમ એરક્રાફટની શોધ કરી હતી એવું કહેવાય છે.

**નોંધ :** (1) ગુજરાતમાં **Spicejet (સ્પાઈસજેટ)** દ્વારા આ ભારતની પ્રથમ સી પ્લેન સર્વિસ શરૂ કરવામાં આવી છે.

(2) આ સી પ્લેન સર્વિસથી સ્ટેચ્યુ ઓફ યુનિટીના આકર્ષણમાં વધારો થશે.

## ➤ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કેવડિયા ખાતે વિવિધ ટુરિસ્ટ આકર્ષણોનું લોકાર્પણ

30 ઓક્ટોબર, 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઇ મોદી**એ ગુજરાતના **સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા** ખાતે વિવિધ પ્રવાસન આકર્ષણોનું લોકાર્પણ કર્યું હતું. જે આ પ્રમાણે છે :

### એકતા ક્રૂઝ સર્વિસ



ગુજરાતના કેવડિયામાં **શ્રેષ્ઠ ભારત ભવન** અને **સ્ટેચ્યુ ઓફ યુનિટી** વચ્ચે આ **'એકતા ક્રૂઝ સર્વિસ' (એકતા ફેરી બોટ સેવા)** શરૂ કરવામાં આવી છે.

- આ અંતર્ગત આ ક્રૂઝ દ્વારા 40 મિનિટની યાત્રા કરાવવામાં આવશે. જેમાં ક્રૂઝમાંથી જ સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોઈ શકાશે.
- આ જહાજ 200 પેસેન્જરની ક્ષમતા ધરાવે છે.
- આ ફેરી સર્વિસના સંચાલન માટે **'ગોરા સેતુ'** નામના નવા સેતુનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) **શ્રેષ્ઠ ભારત ભવન** અને **સ્ટેચ્યુ ઓફ યુનિટી** વચ્ચેનું અંતર **6 કિલોમીટર** જેટલું છે.
(2) આ બે સ્થળો વચ્ચે વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ લીલી ઝંડી આપીને **એકતા ક્રૂઝ સર્વિસ**નો શુભારંભ કરાવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### જંગલ સફારી પાર્ક અને એવિઅરી ડોમ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **કેવડિયા** ખાતે વિશ્વમાં રેકોર્ડ સમયમાં ઝડપથી પૂર્ણ કરવામાં આવેલા **'જંગલ સફારી પાર્ક અને જિઓડેસિક એવિઅરી ડોમ' (ચીડિયાઘર)**નું પણ ઉદ્ઘાટન કર્યું છે.

- સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આવેલા આ જંગલ સફારી પાર્કને **સરદાર પટેલ જંગલ સફારી પાર્ક** નામ આપવામાં આવ્યું છે.
- આ સફારી પાર્ક 375 એકર જમીનમાં ફેલાયેલો છે.
- આ વિશાળ જંગલ સફારી પાર્કમાં 1100થી વધુ જાતિના પશુ પક્ષીઓ તથા 5 લાખ જેટલા છોડ અથવા તો વૃક્ષો છે.
- આ જંગલ સફારી પાર્કમાં અલગ–અલગ બે પક્ષી અભયારણ્ય છે :

(1) **વિદેશી પક્ષીઓ માટે અને**

(2) **ઘરેલુ પક્ષી માટે**

- આ ઉપરાંત આ પાર્કમાં ઉરાંગ ઉટાંગ, ઝીબ્રા, વિલ્ડર બીસ્ટ, કાંગારૂ, ગેંડો, સિંહ વગેરે જેવા પ્રાણીઓ જોવા મળશે.
- આ સફારી પાર્કમાં **ઈકો મોટર**થી પ્રવાસ કરી શકાશે.

**નોંધ :** (1) આ સફારી પાર્કના દરેક વિભાગ અને પાંજરાને સંસ્કૃત નામો આપવામાં આવ્યા છે. દા.ત. સિંહના નિવાસ સ્થાનને 'મૃગેન્દ્ર નિવાસ' તથા ગેંડાના સ્થાનને 'દંડક નિવાસ' નામ આપવામાં આવ્યું છે.

(2) આ જંગલ સફારી પાર્કમાં વિશ્વના સૌથી મોટા બે 'જિઓડેસિક એવિયરી ડોમ' આવેલા છે. જેમાં પ્રવાસીઓ પોતાની આજુબાજુ ઉડતાં પક્ષીઓ જોવાનો રોમાંચ માણી શકશે.

## આરોગ્ય વન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયા ખાતે **આરોગ્ય વન** તથા **આરોગ્ય કુટીર**નું પણ ઉદ્દઘાટન કર્યું હતું.




- આ વિશાળ આરોગ્ય વન **17 એકર** વિસ્તારમાં ફેલાયેલું છે.
- અને તેમાં જુદી જુદી **380** જાતના **5 લાખ** વૃક્ષો આવેલા છે.
- આ વનમાં કમળ તળાવ, ગાર્ડન ઓફ કલર્સ, આલ્બા ગાર્ડન, લ્યુટીયા ગાર્ડન, એરોમા ગાર્ડન વગેરેનો સમાવેશ થાય છે.
- અહીં **આરોગ્ય કુટીર** પણ આવેલી છે. જેમાં ભારતની પ્રાચીન આયુર્વેદિક નીરોગિતાની પ્રણાલિકા તથા ઉત્તમ આરોગ્ય અંગેની જાણકારી પણ મળશે.
- આ આરોગ્ય વન ભારતની ઔષધીય વૈભવના પ્રતીક સમાન છે.
- આ વનમાં આરોગ્ય કુટીર પાસે **'સંથિગિરિ વેલનેસ સેન્ટર'**ની પણ સ્થાપના કરવામાં આવી છે. જેમાં આયુર્વેદ, સિદ્ધ, યોગ અને પંચકર્મ આધારિત પરંપરાગત આરોગ્ય સંભાળ પૂરી પાડવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એકતા મોલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયા ખાતે **'એકતા મોલ'**નું પણ લોકાર્પણ કરાવ્યું હતું.

- આ મોલમાં ભારતની વિવિધ હસ્તકલા અને પરંપરાગત વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- જે વિવિધતામાં એકતાનું પ્રતીક છે.
- આ 'એકતા મોલ' 35,000 ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલો છે.
- આ મોલમાં 20 હાટ (Emporia) આવેલ છે.
- જે ભારતના પ્રત્યેક રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે.
- આ મોલ રેકોર્ડ ફક્ત 110 દિવસમાં બનાવવામાં આવ્યો છે.




## ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે બાળકો માટે 'ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક'નું ઉદ્દઘાટન પણ કર્યું હતું.




- ગુજરાતમાં કેવડિયા ખાતે આવેલો આ બાળકો માટેનો વિશ્વનો પ્રથમ ટેક્નોલોજી આધારિત ન્યુટ્રિશન પાર્ક છે.
- આ પાર્ક 35,000 ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલો છે.
- 'ન્યુટ્રી ટ્રેન' આ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્કનું વિશેષ આકર્ષણ છે.
- આ ટ્રેન 'ફલશાકા ગૃહમ', 'પાયોનગરી', 'અન્નપૂર્ણા', 'પોષણ પુરાણ' અને 'સ્વસ્થ ભારતમ્' જેવી વિવિધ આકર્ષક થીમ ધરાવતા સ્ટેશનો પર દોડશે.
- આ પાર્કમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ Mirror Maze (દર્પણ ભૂલ-ભૂલૈયા)નું પણ ઉદ્દઘાટન કર્યું હતું.
- આ ઉપરાંત આ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક દ્વારા બાળકોમાં 5D વર્ચ્યુઅલ રિયાલિટી થિયેટર અને ઓગમેન્ટેડ રિયાલિટી ગેમ્સ વગેરે જેવી વિવિધ શૈક્ષણિક અને મનોરંજનલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા પોષણ વિશે જાગૃતિ લાવવામાં આવશે.

## યુનિટી ગ્લો ગાર્ડન




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયા ખાતે **'યુનિટી ગ્લો ગાર્ડન'**નું પણ લોકાર્પણ કરાવ્યું છે.

- આ એક **વિશેષ થીમ પાર્ક** છે.
- જે 3.61 એકર જમીનમાં ફેલાયેલો છે.
- આ પાર્કમાં કરવામાં આવેલી **વિશેષ લાઈટિંગ** આ પાર્કનું મુખ્ય આકર્ષણ છે.
- ખાસ કરીને રાત્રીના સમયે આ પાર્કનું સૌંદર્ય નીહાળવા જેવું છે.

**નોંધ :** આ પાર્કમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઓપ્ટિકલ ઈલ્યૂઝન વાળી પ્રતિકૃતિ પર્યટકોનું અભિવાદન પણ કરે છે.

## કેકટસ ગાર્ડન




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે બાળકો માટે **'કેકટસ ગાર્ડન'**નો પણ શુભારંભ કરાવ્યો છે.

- આ ગાર્ડન 25 એકર વિસ્તારમાં બનાવવામાં આવ્યો છે.
- આ ગાર્ડનનું મુખ્ય આકર્ષણ વિવિધ પ્રકારના **Cactus** એટલે કે **થોર** જેવા છોડ છે.
- અહીં, પ્રવાસીઓ **17 દેશો**ના રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય જુદા જુદા **450** પ્રકારના આકર્ષક થોરના (કાંટાળી વનસ્પતિના) છોડ જોઈ શકશે.
- આ ગાર્ડનમાં કુલ **6 લાખ** છોડ છે. જેમાંથી **1.9 લાખ** છોડ **કેકટસ**ના છે.

**નોંધ :** ગુજરાતમાં કેવડિયા ખાતે આવેલો આ કેકટસ ગાર્ડન **ગ્રીનહાઉસ આર્કિટેકચર**નું એક સુંદર ઉદાહરણ છે.

## એકતા નર્સરી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **કેવડિયા** ખાતે **'એકતા નર્સરી'**નો પણ પ્રારંભ કરાવ્યો છે.

- આ નર્સરી 10 એકર વિસ્તારમાં ફેલાયેલી છે.
- તેનું નિર્માણ **એકતાની થીમ** પર કરવામાં આવ્યું છે.
- અહીં જુદી જુદી જાતના વિવિધ રોપાઓ પ્રદર્શન તથા વેચાણ માટે મૂકવામાં આવશે.
- જેનાથી પ્રવાસીઓ **'સ્ટેચ્યુ ઓફ યુનિટી'**ની મુલાકાતની સ્મૃતિ રૂપે દુર્લભ જાતના છોડ ખરીદીને પોતાના ઘર/ગાર્ડનમાં રોપી શકશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ઉચ્ચ ટેકનોલોજીથી સજ્જ આ નર્સરી દર વર્ષે **10 લાખ રોપાઓ** ઉછેરવાની ક્ષમતા ધરાવે છે.
- એકતા નર્સરી પાસે આવેલ **'એકતા હેન્ડીક્રાફ્ટ'** પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણ ધરાવે છે.
- આ **'એકતા હેન્ડીક્રાફ્ટ'**માં **બામ્બુ ક્રાફ્ટ્સ** તથા **સોપારીના પાદંડાઓમાંથી બનતી વસ્તુઓ** અને **ઓર્ગેનિક પોટ્સ** વેચાણ તથા પ્રદર્શન માટે મૂકવામાં આવશે.

## સરદાર સરોવર ડેમની ડાયનેમિક લાઈટિંગ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયા ખાતે **સરદાર સરોવર ડેમની ડાયનેમિક લાઈટિંગ**નું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

- અહીં, **એકતા દ્વારથી ગ્લો ગાર્ડન** સુધી વિવિધ ડેકોરેટીવ લાઈટ્સ ગોઠવવામાં આવી છે.
- જે રાત્રીના સમયે સ્ટેચ્યુ ઓફ યુનિટીના આકર્ષણમાં વધારો કરશે.

**નોંધ :** (1) ગુજરાતના 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે વિવિધ પ્રવાસન આકર્ષણોને કારણે કેવડિયા આજે માત્ર ભારત જ નહિ પરંતુ **વિશ્વભરના પ્રવાસીઓ** માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

(2) અને આથી જ **SCO** એટલે કે **Sanghai Cooperation Organisation** દ્વારા **'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને વિશ્વની આઠમી અજાયબી** જાહેર કરવામાં આવી છે.

(3) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **યુનિટી ગ્લો ગાર્ડન** ખાતેથી **'સ્ટેચ્યુ ઓફ યુનિટી મોબાઈલ એપ'** તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીની વેબસાઈટ **statue ofunity.in**નું લોકાર્પણ પણ કરાવ્યું હતું. આ વેબસાઈટ યુનાઈટેડ નેશન્સની લગભગ **તમામ સત્તાવાર ભાષાઓ**માં ઉપલબ્ધ છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. 'વિશ્વ શાકાહાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 નવેમ્બર (B) 2 નવેમ્બર (C) 3 નવેમ્બર (D) 4 નવેમ્બર (A)

2. 31 ઓક્ટોબર, 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા બે સ્થળો વચ્ચે ભારતની પ્રથમ સી પ્લેન સર્વિસનો શુભારંભ કરાવ્યો છે ?
(A) અમદાવાદથી કેવડિયા (B) સુરતથી કેવડિયા
(C) મુંબઈથી કેવડિયા (D) દિલ્હીથી કેવડિયા (A)

3. અમદાવાદ અને કેવડિયાના કયા બે સ્થળો વચ્ચે ભારતની પ્રથમ સી પ્લેન સર્વિસનો શુભારંભ કરવામાં આવ્યો છે ?
(A) કાંકરિયા તળાવ અને કેવડિયા તળાવ નંબર 2
(B) કાંકરિયા તળાવ અને કેવડિયા તળાવ નંબર 3
(C) સાબરમતી રિવરફ્રન્ટ અને કેવડિયા તળાવ નંબર 3
(D) સાબરમતી રિવરફ્રન્ટ અને કેવડિયા તળાવ નંબર 2 (C)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. ગુજરાતના અમદાવાદ અને કેવડિયા વચ્ચે કઈ એરલાઈન્સ દ્વારા ભારતની પ્રથમ સી પ્લેન સર્વિસ શરૂ કરવામાં આવી છે ?
(A) Air India (B) IndiGo (C) GoAir (D) SpiceJet (D)

5. ગુજરાતના કેવડિયા ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા બે સ્થળો વચ્ચે 'એકતા ક્રૂઝ સર્વિસ'નો શુભારંભ કરાવ્યો છે ?
(A) મહાત્મા ગાંધી ભવન અને સ્ટેચ્યુ ઓફ યુનિટી
(B) શ્રેષ્ઠ ભારત ભવન અને સ્ટેચ્યુ ઓફ યુનિટી
(C) નમસ્તે ભારત ભવન અને સ્ટેચ્યુ ઓફ યુનિટી
(D) અતુલ્ય ભારત ભવન અને સ્ટેચ્યુ ઓફ યુનિટી (B)

6. ગુજરાતના કેવડિયા ખાતે ક્રૂઝ સર્વિસ અથવા તો ફેરી સેવાના સંચાલન માટે કયા નવા સેતુનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
(A) એકતા સેતુ (B) સરદાર સેતુ (C) ઓરા સેતુ (D) ગોરા સેતુ (D)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

7. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયા ખાતે 'જંગલ સફારી પાર્ક અને જિઓડેસિક એવિઅરી ડોમ'નું લોકાર્પણ કરાવ્યું છે....આ જંગલ સફારી પાર્કના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તેનું રેકોર્ડ સમયમાં નિર્માણ કરવામાં આવ્યું છે.
   2. તેને શ્રી સરદાર પટેલનું નામ આપવામાં આવ્યું છે.
   3. તેમાં વિશ્વના સૌથી મોટા બે 'જિઓડેસિક એવિઅરી ડોમ' (ચીડિયાઘર) આવેલા છે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

8. ગુજરાતના કેવડિયા ખાતે આવેલા કયા પ્રવાસન સ્થળે કમળ તળાવ, ગાર્ડન ઓફ કલર્સ, આલ્બા ગાર્ડન, બ્યુટીયા ગાર્ડન, એરોમા ગાર્ડન વગેરે આવેલા છે ?
   (A) આરોગ્ય વન (B) ગ્લો ગાર્ડન
   (C) કેકટસ ગાર્ડન (D) જંગલ સફારી પાર્ક **(A)**

9. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા સ્થળે બાળકો માટે ટેકનોલોજી આધારિત વિશ્વના પ્રથમ ન્યુટ્રિશન પાર્કનું લોકાર્પણ કરાવ્યું છે ?
   (A) અમદાવાદ (B) કેવડિયા (C) ગાંધીનગર (D) પૂણે **(B)**

10. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયા ખાતે કયા સ્થળે Mirror Maze (દર્પણ ભૂલ–ભૂલૈયા)નું ઉદ્દઘાટન કરાવ્યું છે ?
   (A) એકતા મોલ (B) ગ્લો ગાર્ડન
   (C) ચિલ્ડ્રન ન્યુટ્રિશીયન પાર્ક (D) કેકટસ ગાર્ડન **(C)**

11. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયા ખાતે 'ગ્લો ગાર્ડન'નો શુભારંભ કરાવ્યો છે....આ ગ્લો ગાર્ડનનું મુખ્ય આકર્ષણ શું છે ?
   (A) ડાયનાસોર શિલ્પ (B) ભૂલ–ભૂલૈયા (C) સૌંદર્ય સેન્ટર (D) વિશેષ લાઈટિંગ **(D)**

12. કેવડિયા ખાતે નિર્માણ પામેલા લાઈટિંગ આધારિત વિશેષ થીમ પાર્ક 'ગ્લો ગાર્ડન'ને શું નામ આપવામાં આવ્યું છે ?
   (A) સરદાર ગ્લો ગાર્ડન (B) સરદાર પટેલ ગ્લો ગાર્ડન
   (C) ચિલ્ડ્રન ગ્લો ગાર્ડન (D) યુનિટી ગ્લો ગાર્ડન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**13.** કેવડિયા ખાતે નિર્માણ પામેલા કેકટસ ગાર્ડનમાં કેકટસના કેટલા છોડ છે ?

(A) 1.9 લાખ (B) 2.9 લાખ (C) 3.9 લાખ (D) 5.9 લાખ **(A)**

**14.** વિશ્વની કઈ સંસ્થા અથવા તો સંગઠન દ્વારા ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટીને વિશ્વની આઠમી અજાયબી જાહેર કરવામાં આવી છે ?

(A) WHO (B) SAARC (C) SCO (D) BRICS **(C)**

**15.** 30 ઓકટોબર 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયામાં કયાંથી 'સ્ટેચ્યુ ઓફ યુનિટી મોબાઈલ એપ' તથા તેની વેબસાઈટનું ઉદ્દઘાટન કર્યું હતું ?

(A) એકતા મોલ (B) એકતા નર્સરી

(C) એકતા ગ્લો ગાર્ડન (D) એકતા દ્વાર **(C)**

**16.** ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની કઈ વેબસાઈટનું તાજેતરમાં ઉદ્દઘાટન કર્યું છે ?

(A) statueofunity.in (B) statueofunity.gov.in

(C) statueofunity.com (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 2 NOVEMBER, 2020 MONDAY

### ➢ દિવસ મહિમા : 2 નવેમ્બર, International Day to End Impunity for Crimes Against Journalists (પત્રકારો વિરુદ્ધના ગુના માટે દંડ માફી સમાપ્ત કરવાનો આંતરરાષ્ટ્રીય દિવસ)

### ➢ કોરોના મહામારીને કારણે ગિરનારની લીલી પરિક્રમા રદ કરવાનો ગુજરાત સરકારનો નિર્ણય

ગુજરાતમાં દર વર્ષે યોજાતી **ગરવા ગિરનારની પરિક્રમા** કોરોના મહામારીને કારણે રદ કરવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે.

- આથી, આ વર્ષે ગુજરાતમાં વર્ષોથી યોજાતી આ પરંપરાગત ધાર્મિક પરિક્રમા યોજાશે નહિ.
- ગુજરાતમાં **ગરવા ગિરનાર**ની પરિક્રમા **'લીલી પરિક્રમા'** તરીકે ઓળખાય છે.
- હિંદુ કેલેન્ડર પ્રમાણે પ્રતિ વર્ષ **કારતક સુદ અગિયારસ**ની **મધ્યરાત્રીએ** આ પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ થાય છે.

#### ગિરનારની લીલી પરિક્રમાની વિશેષતા

- દર વર્ષે **કારતક સુદ અગિયારસ**થી **કારતકી પૂનમ** સુધી આ પરિક્રમા યોજાય છે.
- ગિરનારની પરિક્રમાથી ગરવા ગિરનારમાં વસતા 33 કરોડ દેવતાઓના તપનું પુણ્ય મળે છે એવી લોક વાયકા છે.
- આ પરિક્રમા **36 કિલોમીટર** લાંબી છે.
- આ પરિક્રમાનો પ્રારંભ **જૂનાગઢ**ની **ભવનાથ તળેટી**માં આવેલ **દૂધેશ્વર મહાદેવના મંદિર**થી થાય છે.
- આ પરિક્રમા પૂર્ણ કર્યા બાદ ભાવિકો **દામોદર કુંડ**માં સ્નાન કરે છે. એવું કહેવાય છે કે જયાં સુધી દામોદર કુંડમાં સ્નાન ન કરે ત્યાં સુધી લીલી પરિક્રમા અધૂરી ગણાય છે.
- આ પરિક્રમાના મુખ્ય પડાવોમાં **ઝીણાબાવાની મઢી**, **માળવેલા** અને **બોરદેવી મંદિર**નો સમાવેશ થાય છે.
- લીલી પરિક્રમાના રૂટ પર **ત્રણ ઘોડીઓ** (એટલે કે પર્વતોની વચ્ચે પસાર થઈ રહેલી બળદના ખૂંધ જેવી રચના. જેમાં પહેલાં ચઢાણ ચઢવાનું અને પછી એ જ ચઢાણ ઉતરવાનું હોય છે.) આવે છે : **(1) ઇંટવા ઘોડી, (2) માળવેલા ઘોડી અને (3) નાળ-પાણીની ઘોડી.**
- જેમાં **નાળ-પાણીની ઘોડી** સૌથી આકરી અને ઘણી ઊંચાઈએ આવેલ છે. તેમજ તેનું ચઢાણ એકદમ સીધું છે.
- આ ઘોડી માળવેલા તથા બોરદેવી મંદિરની વચ્ચે સ્થિત છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે શ્રી યશવર્ધન કુમાર સિંહાના શપથ



તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ભારતના નવા **મુખ્ય માહિતી કમિશનર (Chief Information Commissioner-CIC)** તરીકે **શ્રી યશવર્ધન કુમાર સિંહા**ને શપથ અપાવ્યા છે.

- ભારતમાં **નવી દિલ્હી** ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં આ માટેનો શપથવિધિ સમારોહ યોજાયો હતો.
- આ અંતર્ગત ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે શ્રી યશવર્ધન કુમાર સિંહાએ **શ્રી બિમલ જુલ્કા**નું સ્થાન લીધું છે.
- શ્રી યશવર્ધન કુમાર સિંહા આ અગાઉ ભારતના **માહિતી કમિશનર** હતા.
- હવે તેમની ભારતના **મુખ્ય માહિતી કમિશનર** તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- શ્રી યશવર્ધન કુમાર સિંહા **બિહાર**માં જન્મેલા **1981**ની બેચના **IFS ઓફિસર** છે.
- તેમણે **શ્રીલંકા અને બ્રિટન**માં ભારતના હાઈ કમિશનર તરીકે પણ સેવા આપેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ત્રણ નવા માહિતી કમિશનરની નિમણૂક

ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે શ્રી યશવર્ધન કુમાર સિંહાની નિમણૂક ઉપરાંત ભારતમાં ત્રણ નવા **માહિતી કમિશનર (Information Commissioner)**ની પણ નિમણૂક કરવામાં આવી છે.

- ભારતમાં નિમણૂક પામેલા નવા ત્રણ માહિતી કમિશનરોમાં –

  (1) **શ્રી ઉદય માહુરકર**
  (2) **શ્રી હિરાલાલ સમારિયા અને**
  (3) **સુશ્રી સરોજ પુન્હાની**

  નો સમાવેશ થાય છે.
- **શ્રી ઉદય માહુરકર** ભારતના પ્રસિદ્ધ પત્રકાર છે.
- **શ્રી હિરાલાલ સમારિયા** ભારતના પૂર્વ Labour Secretary (મજૂર સચિવ) છે.

- જ્યારે <u>સુશ્રી સરોજ પુન્હાની</u> ભારતના પૂર્વ ડેપ્યુટી કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (ડેપ્યુટી CAG) છે.

**નોંધ :** વિપક્ષના નેતા <u>શ્રી અધિરંજન ચૌધરી</u>એ શ્રી ઉદય માહુરકર ભાજપ સમર્થક પત્રકાર હોવાનો દાવો કરીને આ પદ પર તેમની નિમણૂકનો વિરોધ કર્યો હતો.

## માહિતી કમિશનરની નિમણૂક

ભારતમાં <u>ત્રણ સભ્યોની પસંદગી સમિતિ</u>ની ભલામણથી ભારતના <u>રાષ્ટ્રપતિ</u> દ્વારા માહિતી કમિશનર અને મુખ્ય માહિતી કમિશનરની નિમણૂક કરવામાં આવે છે.

- આ પસંદગી સમિતિના ત્રણ સભ્યોમાં –

  (1) **ભારતના વડાપ્રધાન (શ્રી નરેન્દ્રભાઈ મોદી)**
  (2) **લોકસભામાં વિરોધ પક્ષના નેતા (શ્રી અધિરંજન ચૌધરી) અને**
  (3) **ભારતના ગૃહ મંત્રી (શ્રી અમિત શાહ)**

  નો સમાવેશ થાય છે.

- ભારતના વડાપ્રધાન આ સમિતિના અધ્યક્ષ હોય છે.

**નોંધ :** આ સમિતિના ત્રીજા સભ્ય <u>વડાપ્રધાન</u> દ્વારા નોમિનેટ કરવામાં આવેલા <u>કેન્દ્રીય કેબિનેટ મંત્રી</u> હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## માહિતી કમિશનરનો કાર્યકાળ

ભારતમાં માહિતી કમિશનર અને મુખ્ય માહિતી કમિશનરનો કાર્યકાળ <u>RTI Act, 2005</u> અનુસાર અગાઉ <u>5 વર્ષ</u> સુધીનો હતો.

- જે <u>RTI Rules, 2019</u> અનુસાર ઘટાડીને હવે <u>3 વર્ષ</u>નો કરવામાં આવ્યો છે.

## માહિતી કમિશનરનો પગાર

ભારતમાં <u>RTI Rules, 2019</u> અનુસાર

(1) <u>મુખ્ય માહિતી કમિશનર</u>નો માસિક પગાર <u>રૂ. 2,50,000</u> અને
(2) <u>માહિતી કમિશનર</u>નો માસિક પગાર <u>રૂ. 2,25,000</u> રહેશે.

## કેન્દ્રીય માહિતી આયોગ (Central Information Commission)

ભારતમાં કેન્દ્રીય માહિતી આયોગ એ એક વૈધાનિક સંસ્થા (Statutory Body) છે.

- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા Rights to Information Act 2005 અંતર્ગત આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- તેની સ્થાપના 12 ઓક્ટોબર 2005ના રોજ થઈ હતી.
- માહિતી આયોગમાં એક મુખ્ય માહિતી કમિશનર અને વધુમાં વધુ અન્ય 10 માહિતી કમિશનર હોય છે.

**નોંધ :** (1) ભારતના પ્રથમ મુખ્ય માહિતી કમિશનર શ્રી વજાહત હબિબુલ્લાહ હતા.

(2) ભારતના પ્રથમ મહિલા મુખ્ય માહિતી કમિશનર સુશ્રી દીપક સન્ધુ હતા.

(3) ભારતના વર્તમાન (2 નવેમ્બર, 2020ની સ્થિતિએ) મુખ્ય માહિતી કમિશનર શ્રી યશવર્ધન કુમાર સિંહા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'પત્રકારો વિરુદ્ધના ગુના માટે દંડ માફી સમાપ્ત કરવાના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 નવેમ્બર (B) 2 નવેમ્બર (C) 3 નવેમ્બર (D) 4 નવેમ્બર **(B)**

2. ગુજરાતની પ્રસિદ્ધ ગિરનારની પરિક્રમા કયા નામે ઓળખાય છે ?

(A) ગરવી પરિક્રમા (B) દત્ત પરિક્રમા
(C) લીલી પરિક્રમા (D) વન્ય પરિક્રમા **(C)**

3. ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે તાજેતરમાં કોણે શપથ લીધ છે ?

(A) શ્રી રાજીવ માથુર (B) શ્રી રાધા ક્રિષ્ના માથુર
(C) શ્રી યશવર્ધન કુમાર સિંહા (D) શ્રી સત્યનંદા મિશ્રા **(C)**

4. ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે શ્રી યશવર્ધન કુમાર સિંહાને શપથ કોણે અપાવ્યા છે ?

(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી એમ. વેંકૈયા નાયડુ
(C) ચીફ જસ્ટિસ એસ.એ. બોબડે (D) તેમને શપથ લેવાના હોતા નથી **(A)**

5. ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે શ્રી યશવર્ધન કુમાર સિંહાએ કોનું સ્થાન લીધું છે ?

(A) શ્રી રાજીવ માથુર (B) શ્રી બિમલ જુલ્કા
(C) શ્રી એ. એન. તિવારી (D) શ્રી અશોક શર્મા **(B)**

6. તાજેતરમાં ભારતમાં નવા નિમણૂક પામેલા ત્રણ માહિતી કમિશનરોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) શ્રી ઉદય માહુરકર (B) શ્રી દિપક માહેશ્વરી
(C) શ્રી હિરાલાલ સમારિયા (D) સુશ્રી સરોજ પુન્હાની **(B)**

7. RTI Rule, 2019 અનુસાર ભારતમાં માહિતી કમિશનર તથા મુખ્ય માહિતી કમિશનરનો કાર્યકાળ કેટલા વર્ષ સુધીનો રહેશે ?

(A) 3 વર્ષ (B) 5 વર્ષ (C) 6 વર્ષ (D) 7 વર્ષ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 3 NOVEMBER , 2020 TUESDAY

### ➤ રેલવે યાત્રા દરમિયાન મહિલાઓની સુરક્ષા માટે 'મેરી સહેલી' પહેલ લોન્ચ




રેલવે સુરક્ષાદળ (Railways Protection Force-RPF) દ્વારા તાજેતરમાં ભારતમાં 'મેરી સહેલી' નામથી એક પહેલ લોન્ચ કરવામાં આવી છે.

- આ પહેલનો મુખ્ય ઉદ્દેશ રેલવે યાત્રા દરમિયાન ભારતમાં મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.
- આ અંતર્ગત રેલવેમાં મહિલાઓની સુરક્ષા માટે મહિલા અધિકારીઓ અને અન્ય કર્મચારીઓની એક ટીમની રચના કરવામાં આવશે.
- આ ટીમમાં મહિલા સબ ઈન્સ્પેક્ટર અને મહિલા હવાલદાર વગેરેનો સમાવેશ થશે.
- આ ટીમ મહિલાઓને મળીને તેમની સુરક્ષા અંગે જાગૃત કરશે.

**નોંધ :** પ્રાયોગિક ધોરણે દક્ષિણ-પૂર્વ રેલવે દ્વારા સપ્ટેમ્બર 2020 દરમિયાન ભારતમાં આ પહેલ લોન્ચ કરવામાં આવી હતી. આ પહેલને મળેલા સકારાત્મક પ્રતિસાદ બાદ હવે તેને સમગ્ર દેશમાં લોન્ચ કરવામાં આવી છે.

ICE COMPETITIVE EXAMS INSTITUTE

### ➤ મધ્ય એશિયાની વિકાસ યોજનાઓ માટે ભારત 1 અબજ ડોલરની સહાય કરશે

તાજેતરમાં ભારત અને મધ્ય એશિયાના દેશો વચ્ચે બીજી બેઠકનું આયોજન થયું હતું.

- વર્ચ્યુઅલ રીતે યોજાયેલી આ બેઠકના અધ્યક્ષ ભારતના વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકર હતા.
- આ બેઠકમાં કઝાખસ્તાન, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનના વિદેશ મંત્રીઓએ ભાગ લીધો હતો.
- આ ઉપરાંત આ બેઠકમાં વિશેષ આમંત્રિત સભ્યો તરીકે કિર્ગિસ્તાનના પ્રથમ નાયબ વિદેશ મંત્રી અને અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ મંત્રીએ પણ વિશેષ આમંત્રિત તરીકે ભાગ લીધો હતો.
- આ બેઠકમાં ભારતે મધ્ય એશિયાના દેશોની 'પ્રાથમિકતા' ધરાવતી યોજનાઓ માટે એક અબજ ડોલરની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે.

## ICE ? Questions

**1.** રેલવે યાત્રા દરમિયાન ભારતમાં મહિલાઓની સુરક્ષા માટે કોના દ્વારા 'મેરી સહેલી' નામથી એક પહેલ લોન્ચ કરવામાં આવી છે ?

(A) CRPF (B) કેન્દ્રીય ગૃહમંત્રાલય

(C) RPF (D) દિલ્હી પોલીસ **(C)**

**2.** RPF એટલે કે Railways Protection Force (રેલવે સુરક્ષા દળ) દ્વારા ભારતમાં 'મેરી સહેલી' પહેલ લોન્ચ કરવામાં આવી છે. ભારતીય રેલવેના કયા વિભાગ દ્વારા સપ્ટેમ્બર 2020માં પ્રાયોગિક ધોરણે આ પહેલ શરૂ કરવામાં આવી હતી ?

(A) ઉત્તર–પૂર્વ રેલવે (B) ઉત્તર–પશ્ચિમ રેલવે

(C) દક્ષિણ–પૂર્વ રેલવે (D) દક્ષિણ–પશ્ચિમ રેલવે **(C)**

**3.** મધ્ય એશિયાના દેશોની પ્રાથમિકતા ધરાવતી યોજનાઓ માટે ભારતે કેટલી આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે ?

(A) 1 અબજ ડોલર (B) 2 અબજ ડોલર

(C) 3 અબજ ડોલર (D) 5 અબજ ડોલર **(A)**

**4.** તાજેતરમાં કયા દેશોની પ્રાથમિકતા ધરાવતી યોજનાઓ માટે ભારતે 1 અબજ ડોલરની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે ?

(A) પૂર્વ એશિયા (B) દક્ષિણ એશિયા

(C) મધ્ય એશિયા (D) પશ્ચિમ એશિયા **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS







**4 NOVEMBER, 2020 WEDNESDAY**

## ➤ અંગ્રેજી ફિલ્મોમાં જેમ્સ બોન્ડનું પાત્ર ભજવનાર પ્રથમ અભિનેતા સર થોમસ શોન કોનેરીનું નિધન



સ્કોટલેન્ડના પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા સર થોમસ શોન કોનેરીનું 31 ઓકટોબર, 2020ના રોજ બહામાસના નાસ્સુ ખાતે 90 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 1930માં સ્કોટલેન્ડમાં થયો હતો.
- સર થોમસ શોન કોનેરી અંગ્રેજી ફિલ્મોમાં જેમ્સ બોન્ડનું પાત્ર ભજવનાર પ્રથમ અભિનેતા હતા.
- તેમણે સૌપ્રથમ 1962થી 1983ની વચ્ચે 7 ફિલ્મોમાં બ્રિટિશ સિક્રેટ એજન્ટ જેમ્સ બોન્ડનો રોલ કર્યો હતો.
- જેમાં સૌપ્રથમ તેમણે 1962માં 'Dr. No' ફિલ્મમાં જેમ્સ બોન્ડનો રોલ કર્યો હતો.
- અને છેલ્લે 1983માં તેમણે 'Never Say Never Again'માં જેમ્સ બોન્ડની ભૂમિકા ભજવી હતી.

**નોંધ :** સર થોમસ શોન કોનેરીને 1987માં બેસ્ટ સપોર્ટિંગ એકટર તરીકેનો 'ઓસ્કાર એવોર્ડ' એનાયત થયો હતો.

## ➤ સુશ્રી પ્રિયંકા રાધાકૃષ્ણન ન્યુઝીલેન્ડમાં ભારતીય મૂળના પ્રથમ પ્રધાન બન્યા

ન્યુઝીલેન્ડના મહિલા વડાપ્રધાન સુશ્રી જેસિંડા અર્ડર્ને તાજેતરમાં ન્યુઝીલેન્ડમાં યોજાયેલી ચૂંટણીઓ બાદ પોતાની ટીમમાં 5 નવા પ્રધાનોનો સમાવેશ કરવાની જાહેરાત કરી છે.

- આ નવા 5 પ્રધાનોમાં ભારતીય મૂળના સુશ્રી પ્રિયંકા રાધાકૃષ્ણનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ સાથે જ સુશ્રી પ્રિયંકા રાધાકૃષ્ણન ન્યુઝીલેન્ડમાં પ્રધાન બનનાર ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ બની ગયા છે.
- સુશ્રી પ્રિયંકા રાધાકૃષ્ણનને ન્યુઝીલેન્ડના Community and Voluntary Sectorના પ્રધાન બનાવવામાં આવ્યા છે.
- તેઓ સૌપ્રથમ વખત 2017માં લેબર પાર્ટીના ઉમેદવાર તરીકે સંસદસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

**નોંધ :** સુશ્રી પ્રિયંકા રાધાકૃષ્ણનનો જન્મ 1979માં ભારતમાં તમિલનાડુના ચેન્નાઈ ખાતે થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ અફઘાનિસ્તાનની સૌથી મોટી યુનિવર્સિટી કાબુલ યુનિવર્સિટીમાં આતંકી હુમલાથી 25 લોકોના મોત

2 નવેમ્બર, 2020ના રોજ <u>અફઘાનિસ્તાન</u>ની <u>કાબુલ યુનિવર્સિટી</u>માં એક આતંકવાદી હુમલો થયો હતો.

- આ આતંકવાદી હુમલામાં ઓછામાં ઓછા 25 લોકોના મોત થયા છે. જ્યારે 40થી વધુ લોકો ઘાયલ થયા છે.
- <u>ઈરાનના રાજદૂત</u>ની હાજરીમાં <u>કાબુલ યુનિવર્સિટી</u>માં જ્યારે પુસ્તક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવી રહયું હતું ત્યારે ત્રાટકેલા બંદૂકધારી આતંકવાદીઓએ અહીં આડેધડ ગોળીબાર શરૂ કરી દીધો હતો.
- ત્યારબાદ અફઘાનિસ્તાનના સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે પાંચ કલાક સુધી અથડામણ ચાલી હતી.

**નોંધ :** <u>અફઘાનિસ્તાનના કાબુલ</u> ખાતે આવેલી <u>કાબુલ યુનિવર્સિટી</u> એ અફઘાનિસ્તાનની <u>સૌથી મોટી</u> યુનિવર્સિટી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE Questions

1. અંગ્રેજી ફિલ્મોમાં જેમ્સ બોન્ડનું પાત્ર ભજવનાર કયા પ્રથમ અભિનેતાનું તાજેતરમાં નિધન થયું છે ?
(A) સર એલન રિકમેન (B) સર જહોન હટ
(C) સર ડેમિઅન લેવીસ (D) સર શોન કોનેરી **(D)**

2. અંગ્રેજી ફિલ્મોમાં જેમ્સ બોન્ડનું પાત્ર ભજવનાર પ્રથમ અભિનેતા સર થોમસ શોન કોનેરીનું તાજેતરમાં નિધન થયું છે.....તેમનો જન્મ ક્યાં થયો હતો ?
(A) હોલેન્ડ (B) પોલેન્ડ (C) સ્કોટલેન્ડ (D) નેધરલેન્ડ **(C)**

3. અંગ્રેજી ફિલ્મોમાં જેમ્સ બોન્ડનું પાત્ર ભજવનાર પ્રથમ અભિનેતા સર થોમસ શોન કોનેરીનું તાજેતરમાં નિધન થયું છે.....તેમણે સૌપ્રથમ વખત કઈ ફિલ્મમાં જેમ્સ બોન્ડનો રોલ કર્યો હતો ?
(A) The Rock (B) Dr. No (C) The Hill (D) Marnie **(B)**

4. ન્યુઝીલેન્ડમાં ભારતીય મૂળના પ્રથમ પ્રધાન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) સુશ્રી અપર્ણા ચંદ્રા (B) સુશ્રી અર્ચના ગોસ્વામી
(C) સુશ્રી પ્રિયંકા રાધાકૃષ્ણન (D) સુશ્રી અંબિકા રાજસુન્દરમ **(C)**

5. સુશ્રી પ્રિયંકા રાધાકૃષ્ણન કયા દેશમાં ભારતીય મૂળના પ્રથમ પ્રધાન બન્યા છે ?
(A) ઓસ્ટ્રેલિયા (B) ન્યુઝીલેન્ડ (C) અમેરિકા (D) ફ્રાન્સ **(B)**

6. સુશ્રી પ્રિયંકા રાધાકૃષ્ણન ન્યુઝીલેન્ડમાં ભારતીય મૂળના પ્રથમ પ્રધાન બન્યા છે.... તેમના પક્ષનું નામ શું છે ?
(A) લેબર પાર્ટી (B) નેશનલ પાર્ટી (C) ગ્રીન પાર્ટી (D) એક્ટ પાર્ટી **(A)**

7. 2 નવેમ્બર 2020ના રોજ વિશ્વના કયા દેશમાં આવેલી એક યુનિવર્સિટીમાં થયેલા આતંકી હુમલામાં 25 લોકોના મોત થયા હતા ?
(A) સીરિયા (B) અફઘાનિસ્તાન (C) લેબેનોન (D) ઘાના **(B)**

8. 2 નવેમ્બર 2020ના રોજ અફઘાનિસ્તાનની કઈ યુનિવર્સિટીમાં થયેલા આતંકી હુમલામાં 25 લોકોના મોત થયા હતા ?
(A) યુનિવર્સિટી ઓફ અફઘાનિસ્તાન (B) કાબુલ યુનિવર્સિટી
(C) અમેરિકન યુનિવર્સિટી ઓફ અફઘાનિસ્તાન
(D) દાવત યુનિવર્સિટી **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 5 NOVEMBER, 2020 THURSDAY

### ➢ દિવસ મહિમા : 5 નવેમ્બર, વિશ્વ સુનામી જાગૃતિ દિવસ (World Tsunami Awareness Day)

### ➢ ગુજરાતમાં અમદાવાદની 'શાહિલ ફેક્ટરી'માં પ્રચંડ વિસ્ફોટથી 12 લોકોના મોત

4 નવેમ્બર 2020ના રોજ ગુજરાતમાં અમદાવાદ ખાતે આવેલી 'શાહિલ કેમિકલ ફેક્ટરી'માં પ્રચંડ વિસ્ફોટ થતાં 12 લોકોના મોત થયા છે.

- અને 10 જેટલા લોકો ઘાયલ થયા છે.
- અમદાવાદમાં પિરાણા પીપળજ રોડ પર રેવાકાકા એસ્ટેટમાં 'શાહિલ કેમિકલ' નામની આ ગેરકાયદે ફેક્ટરી આવેલી હતી.
- આ ફેક્ટરીમાં કેમિકલ પ્રોસેસ દરમિયાન પ્રચંડ ધડાકા સાથે વિસ્ફોટ થતાં આ દુર્ઘટના સર્જાઈ હતી.

**નોંધ :** આ કરુણાંતિકામાં નિધન પામનાર મૃતકોના સ્વજનોને ગુજરાત સરકારે રૂ. 4 લાખની સહાય આપવાની જાહેરાત કરી છે.

### ➢ 'Global Himalayan Expedition' નામના ભારતીય સંગઠને ક્લાયમેટ ચેન્જ અંગે પ્રયાસો માટે યુનાઈટેડ નેશન્સનો એવોર્ડ જીત્યો

યુનાઈટેડ નેશન્સ દ્વારા તાજેતરમાં UN Global Climate Action Award 2020ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે.




- જેમાં ભારતના Global Himalayan Expeditionનો પણ સમાવેશ થયો છે.
- પર્યટન અને ટેક્નોલોજીનો ઉપયોગ કરીને દૂર દરાજના સમુદાયને સૌર ઊર્જા ઉપલબ્ધ કરાવનાર 'ગ્લોબલ હિમાલયન એક્સપેડિશન' વિશ્વનું એકમાત્ર સંગઠન છે.
- આ સંગઠન દ્વારા ભારતના 131 ગામોમાં વીજળી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

## ➤ ભારતમાં હવાની ગુણવત્તા સુધારવા માટે કેન્દ્ર સરકારે 15 રાજ્યોને રૂ. 2200 કરોડ આપ્યા

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ હપ્તા તરીકે ભારતના 15 રાજ્યોને રૂ. 2200 કરોડ આપવામાં આવ્યા છે.

- ભારતમાં હવાની ગુણવત્તામાં સુધારો કરવા માટે 15મા નાણા પંચની ભલામણ અનુસાર 15 રાજ્યોને આ રકમ આપવામાં આવી છે.
- આ નાણાની મદદથી આ 15 રાજ્યો 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં હવાની ગુણવત્તા સુધારવા માટે કામગીરી કરશે.

**નોંધ :** આ 15 રાજ્યોમાં 10 લાખથી વધુ વસતી ધરાવતા કુલ 42 શહેરો આવેલા છે. જેમાં સૌથી વધુ ઉત્તરપ્રદેશના 7 શહેરોનો સમાવેશ થાય છે.

## ➤ ભારતના પ્રસિદ્ધ વાયોલિન વાદક શ્રી ટી. એન. કૃષ્ણનનું નિધન

ભારતના પ્રસિદ્ધ વાયોલિન વાદક શ્રી ટી. એન. કૃષ્ણનનું 2 નવેમ્બર 2020ના રોજ તમિલનાડુના ચેન્નાઈ ખાતે 92 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 6 ઓક્ટોબર 1928ના રોજ કેરળના કોચીનમાં થયો હતો.
- તેમનું પૂરું નામ શ્રી ત્રિપ્પુનીથુરા નારાયણઐયર કૃષ્ણન હતું.
- તેઓ સંગીની દુનિયામાં પ્રોફેસર કૃષ્ણન તરીકે પ્રસિદ્ધ હતા.
- તેઓ ભારતના પ્રસિદ્ધ વાયોલિન વાદક હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EX... ®

### એવોર્ડ

શ્રી ટી. એન. કૃષ્ણનને એનાયત થયેલા મુખ્ય એવોર્ડમાં નીચેના એવોર્ડનો સમાવેશ થાય છે :

(1) સંગીત નાટક અકાદમી એવોર્ડ (1974)
(2) સંગીત કલાનિધિ એવોર્ડ (1980) મદ્રાસ મ્યુઝિક એકેડમી તરફથી
(3) સંગીત નાટક અકાદમી ફેલોશિપ (2006)



આ ઉપરાંત ભારત સરકાર તરફથી તેમને –

(1) પદ્મશ્રી (1973) અને
(2) પદ્મ ભૂષણ (1992)

પુરસ્કાર એનાયત થયા હતા.

ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ સુનામી જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 3 નવેમ્બર (B) 4 નવેમ્બર (C) 5 નવેમ્બર (D) 6 નવેમ્બર | (C) |
| 2. | 4 નવેમ્બર, 2020ના રોજ ગુજરાતના કયા શહેરની કેમિકલ ફેકટરીમાં પ્રચંડ વિસ્ફોટથી 12 લોકોના મોત થયા હતા ?<br>(A) નવસારી (B) અંકલેશ્વર (C) વડોદરા (D) અમદાવાદ | (D) |
| 3. | 4 નવેમ્બર, 2020ના રોજ ગુજરાતના અમદાવાદની કઈ કેમિકલ ફેકટરીમાં પ્રચંડ વિસ્ફોટથી 12 લોકોના મોત થયા હતા ?<br>(A) શાહિલ (B) શોહેબ (C) સૌમિન (D) સૌમિલ | (A) |
| 4. | ભારતના કયા સંગઠનને યુનાઈટેડ નેશન્સનો ગ્લોબલ કલાયમેટ એકશન એવોર્ડ 2020 એનાયત થયો છે ?<br>(A) ગ્લોબલ એરિઝોના એકસપેડિશન (B) ગ્લોબલ મોનાલિસા એકસપેડિશન<br>(C) ગ્લોબલ હિમાલયન એકસપેડિશન (D) ગ્લોબલ ઈન્ડિયન એકસપેડિશન | (C) |
| 5. | ભારતમાં હવાની ગુણવત્તા સુધારવા માટે કેન્દ્ર સરકારે પ્રથમ હપ્તા તરીકે ભારતના કેટલા રાજ્યોને રૂ. 2200 કરોડ આપ્યા છે ?<br>(A) 10 (B) 12 (C) 15 (D) 18 | (C) |
| 6. | ભારતમાં હવાની ગુણવત્તા સુધારવા માટે કેન્દ્ર સરકારે પ્રથમ હપ્તા તરીકે ભારતના 15 રાજ્યોને કેટલા રૂપિયા આપ્યા છે ?<br>(A) 1200 કરોડ (B) 1500 કરોડ (C) 2200 કરોડ (D) 2500 કરોડ | (C) |
| 7. | ભારતમાં કેટલા લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં હવાની ગુણવત્તા સુધારવા માટે કેન્દ્ર સરકારે 15 રાજ્યોને રૂ. 2200 કરોડ આપ્યા છે ?<br>(A) 3 (B) 5 (C) 7 (D) 10 | (D) |
| 8. | શ્રી ટી. એન. કૃષ્ણનનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?<br>(A) પત્રકારત્વ (B) સંગીત (C) રાજકારણ (D) શિક્ષણ | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**9.** શ્રી ટી. એન. કૃષ્ણનનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ ભારતમાં કયા વાદક તરીકે પ્રસિદ્ધ હતા ?

(A) તબલા (B) વાંસળી (C) વાયોલિન (D) મંજિરા **(C)**

**10.** ભારતના પ્રસિદ્ધ વાયોલિન વાદક શ્રી ટી. એન. કૃષ્ણનનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?

(A) કર્ણાટક (B) તમિલનાડુ (C) કેરળ (D) આંધ્રપ્રદેશ **(C)**

**11.** ભારતના પ્રસિદ્ધ વાયોલિન વાદક શ્રી ટી. એન. કૃષ્ણનનું નિધન થયું છે...તેમને નીચેનામાંથી કયો એવોર્ડ એનાયત થયો હતો ?

(A) પદ્મ શ્રી (B) પદ્મ શ્રી, પદ્મ ભૂષણ

(C) પદ્મ શ્રી, પદ્મ વિભૂષણ (D) પદ્મ શ્રી, પદ્મ ભૂષણ, પદ્મ વિભૂષણ **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 6 NOVEMBER, 2020 FRIDAY

### ➢ દિવસ મહિમા : 6 નવેમ્બર, યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને અટકાવવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for Preventing the Exploitation of the Environment in War and Armed Conflict)

### ➢ દિલ્હીમાં ફટાકડા વેચવા-ફોડવા બદલ રૂ. 1 લાખ સુધીનો દંડ

ભારતના **દિલ્હી**માં વધતા જતા પ્રદૂષણને કારણે દિલ્હી સરકારે એક મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

- દિલ્હી સરકારના આ નિર્ણય અંતર્ગત **દિલ્હી**માં **ફટાકડા વેચવા-ફોડવા** પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- જેમાં દિલ્હી સરકારે **ગ્રીન ફટાકડા સહિત તમામ પ્રકારના** ફટાકડા વેચવા–ફોડવા પર પ્રતિબંધ મૂકી દીધો છે.
- આ ઉપરાંત દિલ્હીમાં ફટાકડા ફોડવા–વેચવા બદલ **રૂ. 1 લાખ સુધીના દંડ**ની પણ જોગવાઈ કરવામાં આવી છે.

**નોંધ :** દિલ્હીમાં **'વાયુ પ્રદૂષણ (નિયંત્રણ) કાયદા (1981)'** હેઠળ આ **રૂ. 1 લાખ**ના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ફટાકડા પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ રાજ્ય રાજસ્થાન

તાજેતરમાં કોરોના મહામારી અને પ્રદૂષણને કારણે દિવાળીના તહેવાર દરમિયાન ભારતમાં **સૌપ્રથમ** વખત **રાજસ્થાન** સરકારે **ફટાકડાના વેચાણ, સંગ્રહ અને ઉપયોગ પર પ્રતિબંધ** મૂકયો હતો.

- આ સાથે જ તાજેતરમાં દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડાના વેચાણ, સંગ્રહ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકનાર **રાજસ્થાન** ભારતનું **પ્રથમ રાજ્ય** બની ગયું છે.
- રાજસ્થાનમાં ખાસ કરીને **કોરોના મહામારી** વધુ ન ફેલાય તે માટે **કોરોના સામે તકેદારીના ભાગ રૂપે** ફટાકડા પર આ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

**નોંધ :** સૌપ્રથમ રાજસ્થાન બાદ ભારતમાં પશ્ચિમ બંગાળ, ઓડિશા, દિલ્હી, મધ્યપ્રદેશ, કર્ણાટક, ચંદીગઢ વગેરેમાં પણ ફટાકડા ફોડવા–વેચવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## ➤ ભારતમાં UNESCOના 12મા World Network of Biosphere Reserves તરીકે મધ્યપ્રદેશના 'પન્ના ટાઈગર રિઝર્વ'નો સમાવેશ

ભારતના મધ્યપ્રદેશના 'પન્ના ટાઈગર રિઝર્વ'નો યુનેસ્કોની 'વર્લ્ડ નેટવર્ક ઓફ બાયોસ્ફિયર રિઝર્વ્સ'ની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ સાથે જ 'પન્ના ટાઈગર રિઝર્વ' યુનેસ્કોની 'World Network of Biosphere Reserves'ની યાદીમાં સમાવેશ પામનાર મધ્યપ્રદેશનું ત્રીજું અને ભારતનું 12મું 'બાયોસ્ફિયર રિઝર્વ્સ' બની ગયું છે.
- આ અગાઉ મધ્યપ્રદેશના પંચમઢી અને અમરકંટકનો આ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નોંધ :** આ યાદીમાં સમાવેશથી મધ્યપ્રદેશના 'પન્ના ટાઈગર રિઝર્વ'ને આંતરરાષ્ટ્રીય ઓળખ મળશે. જેથી તેના પર્યટનને પ્રોત્સાહન મળશે. આ ઉપરાંત તેની જાળવણી માટે આર્થિક મદદ પણ મળી રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### પન્ના ટાઈગર રિઝર્વ



'પન્ના ટાઈગર રિઝર્વ'ને 'પન્ના નેશનલ પાર્ક' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ભારતમાં મધ્યપ્રદેશના પન્ના અને છત્તરપુર જિલ્લામાં આ ટાઈગર નેશનલ પાર્ક આવેલો છે.
- ખાસ કરીને વાઘ ઉપરાંત અન્ય પ્રાણીઓ પણ આ નેશનલ પાર્કમાં જોવા મળે છે.
- ભારતમાં કેન્દ્ર સરકારે 1981માં આ અભયારણ્યને National Parkનો દરજ્જો આપ્યો હતો.
- ત્યારબાદ 1993માં તેને ભારતનું 22મું અને મધ્યપ્રદેશનું 5મું Tiger Reserve જાહેર કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત 25 ઓગસ્ટ 2011ના રોજ ભારત સરકારે 'પન્ના ટાઈગર રિઝર્વ'ને Biosphere Reserve તરીકે નોમિનેટ કર્યું હતું.
- હવે, વર્ષ 2020 દરમિયાન UNESCO દ્વારા તેનો 'World Network of Biosphere Reserves'ની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## World Network of Biosphere Reserves

**યુનેસ્કો** દ્વારા જાહેર કરવામાં આવેલી **'વર્લ્ડ નેટવર્ક ઓફ બાયોસ્ફિયર રિઝર્વ્સ'**ની યાદીમાં 6 નવેમ્બર 2020 સુધીમાં ભારતના કુલ **12** 'બાયોસ્ફિયર રિઝર્વ'નો સમાવેશ થયો છે.

- જેમાં ભારતના **તમિલનાડુ, કેરળ અને કર્ણાટક**માં આવેલા **'નિલગિરિ બાયોસ્ફિયર રિઝર્વ'**નો વર્ષ **2000**માં આ યાદીમાં **સૌપ્રથમ વખત** સમાવેશ થયો હતો.
- જ્યારે 'પન્ના ટાઈગર રિઝર્વ' અગાઉ **2018**માં ભારતના **સિક્કિમ**માં આવેલા **'કાંચનજંગા બાયોસ્ફિયર રિઝર્વ'**નો આ યાદીમાં **ભારત**ના **11મા** બાયોસ્ફિયર રિઝર્વ તરીકે સમાવેશ થયો હતો.

### World Network of Biosphere Reservesમાં સમાવેશ પામેલા ભારતના Biosphere Reserves

| ક્રમ | વર્ષ | નામ | રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ |
|---|---|---|---|
| 1 | 2000 | નિલગિરિ બાયોસ્ફિયર રિઝર્વ | તમિલનાડુ, કેરળ અને કર્ણાટક |
| 2 | 2001 | ગલ્ફ ઓફ મન્નાર બાયોસ્ફિયર રિઝર્વ | તમિલનાડુ |
| 3 | 2001 | સુંદરવન બાયોસ્ફિયર રિઝર્વ | પશ્ચિમ બંગાળ |
| 4 | 2004 | નંદા દેવી બાયોસ્ફિયર રિઝર્વ | ઉત્તરાખંડ |
| 5 | 2009 | નાક્રેક બાયોસ્ફિયર રિઝર્વ | મેઘાલય |
| 6 | 2009 | પંચમઢી બાયોસ્ફિયર રિઝર્વ | મધ્યપ્રદેશ |
| 7 | 2009 | સિમ્લિપાલ બાયોસ્ફિયર રિઝર્વ | ઓડિશા |
| 8 | 2012 | અચાનકમાર–અમરકંટક બાયોસ્ફિયર રિઝર્વ | છત્તીસગઢ, મધ્યપ્રદેશ |
| 9 | 2013 | ગ્રેટ નિકોબાર બાયોસ્ફિયર રિઝર્વ | આંદમાન અને નિકોબાર ટાપુઓ |
| 10 | 2016 | અગસ્થ્યમલાઈ બાયોસ્ફિયર રિઝર્વ | કેરળ અને તમિલનાડુ |
| 11 | 2018 | કાંચનજંગા બાયોસ્ફિયર રિઝર્વ | સિક્કિમ |
| 12 | 2020 | પન્ના બાયોસ્ફિયર રિઝર્વ | મધ્યપ્રદેશ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

**નોંધ :** આ યાદીમાં **ગુજરાત**ના એકપણ બાયોસ્ફિયર રિઝર્વનો સમાવેશ થયો નથી.

ICE Questions

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને અટકાવવા માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 4 નવેમ્બર (B) 5 નવેમ્બર (C) 6 નવેમ્બર (D) 7 નવેમ્બર **(C)**

2. ભારતના દિલ્હીમાં ફટાકડા વેચવા–ફોડવા પર કેટલા રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) 25,000 (B) 50,000 (C) 1,00,000 (D) 2,00,000 **(C)**

3. દિવાળીના તહેવાર દરમિયાન ભારતમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ?

(A) રાજસ્થાન (B) પશ્ચિમ બંગાળ (C) ઓડિશા (D) મધ્યપ્રદેશ **(A)**

4. તાજેતરમાં ભારતના કયા બાયોસ્ફિયર રિઝર્વનો યુનેસ્કોની 'વર્લ્ડ નેટવર્ક ઓફ બાયોસ્ફિયર રિઝર્વ્સ'ની યાદીમાં સમાવેશ થયો છે ?

(A) કચ્છનું નાનું રણ (B) ગ્રેટ નિકોબાર (C) માનસ (D) પન્ના **(D)**

5. યુનેસ્કોની 'વર્લ્ડ નેટવર્ક ઓફ બાયોસ્ફિયર રિઝર્વ્સ'ની યાદીમાં સમાવેશ પામનાર 'પન્ના ટાઈગર રિઝર્વ' અથવા 'પન્ના નેશનલ પાર્ક' અથવા તો 'પન્ના બાયોસ્ફિયર રિઝર્વ' ભારતનું કેટલામું બાયોસ્ફિયર રિઝર્વ છે ?

(A) 11મું (B) 12મું (C) 13મું (D) 15મું **(B)**

6. યુનેસ્કોની 'વર્લ્ડ નેટવર્ક ઓફ બાયોસ્ફિયર રિઝર્વ્સ'ની યાદીમાં સમાવેશ પામનાર ભારતનું પ્રથમ બાયોસ્ફિયર રિઝર્વ કયું છે ?

(A) નંદા દેવી (B) નિલગિરિ (C) સુંદરવન (D) પંચમઢી **(B)**

7. 'પન્ના ટાઈગર રિઝર્વ' અથવા 'પન્ના નેશનલ પાર્ક' અથવા તો 'પન્ના બાયોસ્ફિયર રિઝર્વ' ભારતના કયા રાજ્યમાં આવેલું છે ?

(A) મહારાષ્ટ્ર (B) કેરળ

(C) મધ્યપ્રદેશ (D) કેરળ અને તમિલનાડુ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**7 NOVEMBER, 2020 SATURDAY**

## ➤ દિવસ મહિમા : 7 નવેમ્બર, રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ (National Cancer Awareness Day)




ભારતમાં દર વર્ષે 7 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં કેન્સર અંગે જાગૃતિ ફેલાવવા માટે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા સપ્ટેમ્બર 2014 દરમિયાન આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારથી ભારતમાં આ દિવસની ઉજવણી થાય છે.

**નોંધ :** ભારતમાં 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' 7 નવેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ કેન્સર દિવસ' 4 ફેબ્રુઆરીના રોજ ઉજવાય છે.

## ➤ પિનાકા રોકેટના નવા એડવાન્સડ્ વર્ઝનનું ભારત દ્વારા સફળ પરીક્ષણ

4 નવેમ્બર 2020ના રોજ ભારત દ્વારા પિનાકા રોકેટના નવા એડવાન્સડ્ વર્ઝનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- ભારતમાં ઓડિશાના ચાંદીપુર ખાતે આવેલી Integrated Test Range (ITR) પરથી આ રોકેટનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.
- આ અંતર્ગત કુલ 6 રોકેટ લોન્ચ કરવામાં આવ્યા હતા. જે તમામ કસોટીમાં સફળ રહયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

### પિનાકા રોકેટની વિશેષતા

પિનાકા (Pinaka)એ ભારતની Multi-barrel Rocket Lancher (MBRL) સિસ્ટમ છે.

- પિનાકા રોકેટ એ આ સિસ્ટમનો એક ભાગ છે.
- ભારતની આર્મી માટે ભારતમાં DRDO દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- પિનાકા રોકેટનું આ નવું વર્ઝન ભારતના હાલના પિનાકા-1 અથવા તો પિનાકા માર્ક-1નું સ્થાન લેશે.
- પિનાકાનું આ નવું વર્ઝન તેના અગાઉના વર્ઝન કરતા સાઈઝમાં નાનું હશે. અને તેની રેન્જ પણ વધારે હશે.

- <u>પિનાકા માર્ક-1</u>ની રેન્જ <u>40 કિમી</u> અને <u>પિનાકા માર્ક-2</u>ની રેન્જ <u>75 કિમી</u> જેટલી છે.
- જ્યારે તેના નવા વર્ઝન <u>પિનાકા માર્ક-3</u>ની રેન્જ <u>90 કિમી</u> કરતા વધારે હશે.

**નોંધ :** (1) ભારતમાં <u>કારગીલ વોર</u> દરમિયાન આ રોકેટ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(2) આ સિસ્ટમ દ્વારા માત્ર <u>44 સેકન્ડ</u>માં એક સાથે <u>12 રોકેટ</u> લોન્ચ કરી શકાય છે. આ સિસ્ટમને <u>ટ્રક પર</u> ગોઠવીને તેનો ગમે ત્યાં ઉપયોગ થઈ શકે છે.



## ➤ ભારતના હરિયાણામાં પ્રાઈવેટ નોકરીઓમાં સ્થાનિક લોકો માટે 75 ટકા અનામતની જોગવાઈ

ભારતના <u>હરિયાણા</u>ની વિધાનસભામાં 5 નવેમ્બર, 2020ના રોજ એક <u>બિલ</u> પસાર કરવામાં આવ્યું છે.

- આ બિલમાં <u>હરિયાણામાં પ્રાઈવેટ નોકરીઓમાં સ્થાનિક લોકો માટે અનામત</u>ની જોગવાઈ કરવામાં આવી છે.
- આ અંતર્ગત <u>હરિયાણા</u>માં <u>રૂ. 50,000</u> પ્રતિ માસથી <u>ઓછો</u> પગાર ધરાવતી પ્રાઈવેટ નોકરીઓમાં સ્થાનિક લોકો માટે <u>75 ટકા અનામત</u>ની જોગવાઈ કરવામાં આવી છે.
- હરિયાણામાં આ જોગવાઈ કરવાનો મુખ્ય ઉદ્દેશ હરિયાણાના સ્થાનિક યુવાનોને રોજગારી ઉપલબ્ધ કરાવવાનો છે.
- હરિયાણામાં આ બિલ પસાર થવાથી પ્રથમ ચરણમાં અંદાજે 2.5 લાખ યુવાનોને નોકરી મળવાની સંભાવના છે.

**નોંધ :** હરિયાણાની વિધાનસભામાં પસાર થયેલા આ બિલમાં હરિયાણાના સ્થાનિક ઉદ્યોગ તથા વેપાર–ધંધાની જરૂરિયાતો પ્રમાણે યુવાનોને તાલીમ આપવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 5 નવેમ્બર (B) 6 નવેમ્બર (C) 7 નવેમ્બર (D) 8 નવેમ્બર **(C)**

2. 'વિશ્વ કેન્સર દિવસ' ક્યારે ઉજવાય છે ?
(A) 7 નવેમ્બર (B) 7 જુલાઈ (C) 4 એપ્રિલ (D) 4 ફેબ્રુઆરી **(D)**

3. 4 નવેમ્બર 2020ના રોજ ભારતે કયા રોકેટના એડવાન્સડ્ વર્ઝનનું સફળ પરીક્ષણ કર્યું છે ?
(A) ધ્રુવા (B) ધ્રુવાસ્ત્ર (C) પિનાક (D) પિનાકા **(D)**

4. 4 નવેમ્બર 2020ના રોજ ભારતે પિનાકા રોકેટના એડવાન્સડ્ વર્ઝનનું કયાંથી સફળ પરીક્ષણ કર્યું છે ?
(A) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ (B) ચાંદીપુર, ઓડિશા
(C) વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ (D) તિરુવનંતપુરમ, કેરળ **(B)**

5. પિનાકા રોકેટના એડવાન્સડ્ વર્ઝનનું ભારતે સફળ પરીક્ષણ કર્યું છે....આ રોકેટ કયા રોકેટનું સ્થાન લેશે ?
(A) પિનાકા MK-1 અથવા પિનાકા માર્ક-1
(B) પિનાકા MK-2 અથવા પિનાકા માર્ક-2
(C) પિનાકા MK-3 અથવા પિનાકા માર્ક-3
(D) પિનાકા MK-4 અથવા પિનાકા માર્ક-4 **(A)**

6. 5 નવેમ્બર 2020ના રોજ ભારતના કયા રાજ્યમાં પ્રાઈવેટ નોકરીઓમાં સ્થાનિક યુવાનોને અનામત આપવા અંગેનું બિલ પસાર કરવામાં આવ્યું છે ?
(A) હરિયાણા (B) હિમાચલ પ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) કર્ણાટક **(A)**

7. હરિયાણા વિધાનસભામાં સ્થાનિક યુવાનોને પ્રાઈવેટ નોકરીઓમાં અનામત આપતું બિલ પસાર કરવામાં આવ્યું છે....આ બિલમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર હરિયાણામાં પ્રાઈવેટ નોકરીઓમાં યુવાનોને કેટલા ટકા અનામત મળશે ?
(A) 50 ટકા (B) 60 ટકા (C) 75 ટકા (D) 80 ટકા **(C)**

8. હરિયાણામાં કેટલા રૂપિયાથી ઓછો માસિક પગાર ધરાવતી નોકરીઓમાં સ્થાનિક યુવાનોને 75 ટકા અનામત મળશે ?
(A) 40,000 (B) 50,000 (C) 60,000 (D) 65,000 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ONE LINER
CURRENT AFFAIRS

## ભારત

### ➤ ભારતની બેન્ક ઓફ બરોડામાં હવે રૂપિયા જમા કરાવવા -ઉપાડવા પર ચાર્જ લેવામાં આવશે

1 નવેમ્બર, 2020થી બેન્ક ઓફ બરોડા દ્વારા બેન્કમાં રૂપિયા જમા કરાવવા તથા ઉપાડવા પર ચાર્જ વસૂલવામાં આવશે. આ માટે અલગ–અલગ ખાતા માટે જુદી–જુદી જોગવાઈ કરવામાં આવી છે. આ અંતર્ગત બચત ખાતા ધારકો માટે એક મહિનામાં ત્રણ વખત પોતાના ખાતામાં રૂપિયા જમા કરાવવા માટે તેમજ ત્રણ વખત પોતાના ખાતામાંથી રૂપિયા ઉપાડવા માટે કોઈ જ ચાર્જ લાગશે નહિ. પરંતુ ચોથી કે તેથી વધુ વખત પોતાના ખાતામાં રૂપિયા જમા કરાવવા માટે દર વખતે રૂ. 40 અને પોતાના ખાતામાંથી રૂપિયા ઉપાડવા માટે દર વખતે રૂ. 100 ચાર્જ વસૂલવામાં આવશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ હિન્દી ફિલ્મોના અભિનેતા શ્રી ફરાઝ ખાનનું નિધન

હિન્દી ફિલ્મોના અભિનેતા શ્રી ફરાઝ ખાનનું 4 નવેમ્બર 2020ના રોજ બેંગાલુરુ ખાતે નિધન થયું છે. તેમનો જન્મ 27 મે 1970ના રોજ મુંબઇ ખાતે થયો હતો. તેમણે 1996માં પ્રસિદ્ધ થયેલી 'ફરેબ' ફિલ્મથી હિન્દી ફિલ્મોમાં કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. જેમાં તેઓ 'યે તેરી આંખે ઝૂકી ઝૂકી' ગીતમાં જોવા મળ્યા હતા. ત્યારબાદ તેમણે પૃથ્વી, લવ સ્ટોરી 98, મહેંદી, દુલ્હન બનુ મેં તેરી, દિલને ફિર યાદ કિયા વગેરે જેવી ફિલ્મો તથા અનેક ટીવી સિરિયલોમાં અભિનય કર્યો હતો.

## ➤ ભારતીય આર્મીના વડા જનરલ મુકુંદ નરવણે નેપાળના પ્રતિષ્ઠિત ખિતાબથી સન્માનિત

ભારતીય આર્મીના વડા જનરલ મુકુંદ નરવણેને તેમના નેપાળ પ્રવાસ દરમિયાન 'જનરલ ઓફ દ નેપાળ આર્મી'ના માનદ ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા છે. નેપાળના મહિલા રાષ્ટ્રપતિ સુશ્રી બિદ્યા દેવી ભંડારીએ શ્રી મુકુંદ નરવણેને આ ખિતાબથી સન્માનિત કર્યા હતા.

# વિશ્વ

## ➤ સંયુકત રાષ્ટ્રે પરમાણુ નિશસ્ત્રીકરણ અંગે ભારતના બે પ્રસ્તાવો અપનાવ્યા

3 નવેમ્બર, 2020ના રોજ સંયુકત રાષ્ટ્ર દ્વારા ભારત દ્વારા પ્રસ્તાવિત બે ઠરાવો અપનાવવામાં આવ્યા છે. આ બે ઠરાવો અથવા તો પ્રસ્તાવોમાં –

(1) રેડયુસિંગ ન્યૂકિલયર ડેન્જર અને

(2) કન્વેન્શન ઓન પ્રોહિબિશન ઓફ ધ યુઝ ઓફ ન્યુકિલયર વેપન્સ

નો સમાવેશ થાય છે. આ અંતર્ગત યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બ્લીની પ્રથમ સમિતિ દ્વારા આ પ્રસ્તાવો અપનાવવામાં આવ્યા છે. આ સમિતિ નિશસ્ત્રીકરણ સંબંધિત મુદ્દાઓ અંગે દેખરેખ રાખે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ઓસ્ટ્રેલિયાના શ્રી ડેવિડ વોર્નર 6 IPL સિઝનમાં 500+ રન બનાવનાર પ્રથમ ક્રિકેટર બન્યા

IPLમાં સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમના કેપ્ટન શ્રી ડેવિડ વોર્નર IPL 2014માં 528 રન, 2015માં 562, 2016માં 848, 2017માં 641, 2019માં 692 બનાવ્યા હતા. હવે IPL 2020માં 3 નવેમ્બર 2020ના રોજ તેમણે 529 રન બનાવ્યા હતા. આ સાથે જ ઓસ્ટ્રેલિયાના શ્રી ડેવિડ વોર્નર સૌથી વધુ 6 IPLમાં 500+ રન બનાવનાર પ્રથમ ખેલાડી બની ગયા છે.

## ICE Questions

- 1 નવેમ્બર, 2020થી ભારતની કઈ બેન્કમાં ખાતામાં રૂપિયા જમા કરાવવા તથા રૂપિયા ઉપાડવા પર ચાર્જ વસૂલવામાં આવશે ? – બેન્ક ઓફ બરોડા
- હિન્દી ફિલ્મોના અભિનેતા શ્રી ફરાઝ ખાનનું નિધન થયું છે...તેમણે કઈ ફિલ્મથી કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો ? – ફરેબ
- તાજેતરમાં કયા ભારતીયને 'જનરલ ઓફ દ નેપાળ આર્મી'ના માનદ ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – જનરલ મુકુંદ નરવણે
- ભારતીય આર્મીના વડા જનરલ મુકુંદ નરવણેને નેપાળના કયા માનદ ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – જનરલ ઓફ દ નેપાળ આર્મી
- તાજેતરમાં સંયુકત રાષ્ટ્રે પરમાણુ નિશસ્ત્રીકરણ અંગે ભારતના કેટલા પ્રસ્તાવો સ્વીકાર્યા છે ? – બે
- સૌથી વધુ IPLની 6 સિઝનમાં 500+ રન બનાવનાર પ્રથમ ખેલાડી કોણ છે ? – શ્રી ડેવિડ વોર્નર

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



Priyaben Bopaliya

GSCSCL
ASSISTANT DEPOT MANAGER
ICE® ના વિદ્યાર્થીને
નિમણૂક પામવા બદલ
ખૂબ ખૂબ અભિનંદન...

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. **30 ઓકટોબર, 2020ના રોજ કયા દેશમાં 7ની તીવ્રતાનો ભૂકંપ થતાં ઓછામાં ઓછા 8 લોકોના મોત થયા હતા ?** – તૂર્કી

   (આ ભૂકંપથી તૂર્કીના ઈઝમીર શહેરમાં 20 જેટલી ઈમારતો ધરાશાયી થઈ હતી. તૂર્કી ઉપરાંત ગ્રીસમાં પણ આ ભૂકંપની અસર થઈ હતી.)

2. ભારતમાં કેન્દ્ર સરકારના ગૃહ વિભાગ દ્વારા 'સ્પેશિયલ ઓપરેશન મેડલ' માટે ગુજરાત ATSના કેટલા અધિકારીઓની પસંદગી કરવામાં આવી છે ?

   – પાંચ

3. ગુજરાત રાજ્યના નવા ગૃહ સચિવ તરીકેનો વધારાનો હવાલો કોને સોંપવામાં આવ્યો છે ?

   – શ્રી પંકજ કુમાર

   (ગુજરાત રાજ્યના ગૃહ સચિવ સુશ્રી સંગીતા સિંઘ વય નિવૃત્ત થતાં ગુજરાત રાજ્યના મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારને ગૃહ સચિવ તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.)

4. ભારતમાં સૌપ્રથમ પંજાબ બાદ કયા બીજા રાજ્યની સરકારે કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ બિલને નિરર્થક બનાવતા ત્રણ બિલ પોતાના રાજ્યની વિધાનસભામાં રજૂ કર્યા છે ? – રાજસ્થાન

5. તાજેતરમાં ફિલિપાઈન્સમાં કયું શકિતશાળી વાવાઝોડું ત્રાટકતાં સાત લોકોના મોત થયા હતા ?

   – ગોની

6. તાજેતરમાં શકિતશાળી 'ગોની' વાવાઝોડું ત્રાટકતા કયા દેશમાં સાત લોકોના મોત થયા હતા ?

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

– ફિલિપાઈન્સ

7. ભારતમાં ઉત્તરપ્રદેશ બાદ હવે કયા રાજ્યની સરકારે પણ લવ જેહાદ સામે કાયદો ઘડવાની જાહેરાત કરી છે ? – હરિયાણા

8. ભારતમાં ફેબ્રુઆરી 2020 બાદના આઠ મહિનામાં સૌપ્રથમ વખત કયા મહિનામાં GSTની આવક રૂ. 1 લાખ કરોડ કરતા વધારે થઈ હતી ? – ઓક્ટોબર 2020

9. ભારતમાં ઓક્ટોબર 2020 દરમિયાન GST કલેક્શન કેટલા રૂપિયા થયું છે ? – 1.05 લાખ કરોડ

10. પાકિસ્તાને ભારતના કયા વિસ્તારને પોતાનો પાંચમો પ્રાંત જાહેર કર્યો હતો ? – ગિલગિટ – બાલ્ટિસ્તાન

11. ભારતના ગિલગિટ બાલ્ટિસ્તાનને પાકિસ્તાને પોતાનો કેટલામો પ્રાંત જાહેર કર્યો હતો ? – પાંચમો

(જોકે, ભારતે પાકિસ્તાનના આ નિર્ણયનો વિરોધ કરીને આ પ્રદેશ ખાલી કરવા જણાવ્યું હતું.)

12. તાજેતરમાં કયા દેશે વિશ્વની સૌથી મોટી એર લોન્ચ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે ? – ચીન

13. અમદાવાદ–મુંબઈ બુલેટ ટ્રેન માટે જમીન મેળવવા નવસારી જિલ્લાના 28 ગામોના ખેડૂતોને 1 વીઘા જમીનના કેટલા રૂપિયા આપવાની સરકારે જાહેરાત કરી છે ? – 96 લાખ

14. કયા દેશના ઓલરાઉન્ડર ક્રિકેટર શ્રી શેન વોટ્સને ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે ? – ઓસ્ટ્રેલિયા

15. કયા દેશે માલી પર એર સ્ટ્રાઈક (હવાઈ હુમલો) કરતા અલકાયદાના 50 આતંકીઓના મોત થયા છે ? – ફ્રાન્સ

16. તાજેતરમાં કયા દેશે ભારતીય નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે ? – ચીન

(કોરોનાના કારણસર ચીને ભારત સહિત બ્રિટન, બેલ્જિયમ, ફિલિપાઈન્સ વગેરે દેશના નાગરિકો પર ચીનમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT